સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

મૈત્રી ક્યારેક દુશ્મની, કાપો-કાપોનું નગર!
આઇટી ક્યારેક પ્રેસ, છાપો-છાપોનું નગર!
હુંફાળા ક્યારેક ફંફાડા આપો-આપોનું નગર!
છે ઠેર ઠેર રાફડા, આ છે સાપોનું નગર!
(વિશ્વનો સૌથી ઝેરી સાપ રસેલ્સ નગરમાં..)

હાઈકુ

સ્થપાઇ જશે!
સરદારના આદર્શ -
મૂર્તિ સ્વરૂપે..

માને ક્રચ્છને!?
કુદરતી આફતો -
પ્રયોગશાળા?!

ચિંતન

સ્ત્રી વિન સ્યતિ રૂપેણ, બ્રાહ્મણો રાજસેવયા । ગાવો દૂર પ્રચારેણ - હિરણ્યં લોભ લિપ્સયા ॥

'સ્ત્રી', પોતાનાં જ રૂપ-વિદ્વાન-પંડિત રાજાની સેવા (હા જી હા) કરવાથી નાશ પામે છે અને ગાયો દૂર ચારવા મોકલવાથી નાશ પામે છે અને સોનું-ધન લોભ કરવાની ઇચ્છાથી નાશ પામે છે.

આજકાલ સ્ત્રીઓ જે સૌંદર્ય છૂપાવવાનું છે એનું જગજાહેર પ્રદર્શન કરી પુરૂષોની લોભી નજરને ખુલ્લું નિમંત્રણ આપે છે. મર્યાદાઓનું ઉલ્લંઘન એ આત્મહત્યા જ છે સ્ત્રી પોતાનાં સૌંદર્યને કારણે જ નાશ પામે છે.

રાજાને પંડિત-વિદ્વાન સાચી સલાહ આપતો નથી અને સેવાનો ખોટો લાભ લઇ દ્રવ્ય પર દૃષ્ટિ રાખે છે અંતે તે પોતાના કરતૂતોનો જ ભોગ બને છે.

જૂના સમયમાં ગાય વસૂકી જાય પછી રખાલમાં મોકલી દેતા - આવી ગાય ભાગ્યે જ પાછી આવતી.

સોનું-ધન-પ્રાપ્ત કરવાના લોભમાં પોતાનું હોય તે પણ ગુમાવવું પડે છે.

સુવિચાર

- તમારું વર્તન વાતો કરવાનું છે એટલે તમે તમારાં કાર્યોનાં પ્રચારમાં ન પડો- મોરારિ બાપુ
- વ્રત એ શ્રદ્ધા અને વિશ્વાસનું સંતાન છે - ડોંગરેજી મહારાજ
- ન્યાય અને ધર્મની પ્રતિષ્ઠા માટે જેવી રીતે સંતની પવિત્રતા જરૂરી છે તેવી જ રીતે યોદ્ધાની તલવાર પણ આવશ્યક છે - કાન્તિ ભટ્ટ
- મારી શક્તિ દસ માણસોની શક્તિને બરાબર છે કારણ કે મારૂં હૃદય પવિત્ર છે - હૃદયસૂત્ર
- માણસે સજ્જન બનવું કે દુર્જન એનો ઇજારો ઇશ્વર કોઇને આપતો જ નથી - ડો. એ.પી.જે.કલામ
- સારો માણસ એટલે 'અંદરથી જાગેલો માણસ' સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી માણસ - સંસ્કૃત સુભાષિત
- જેમ મ્યાનમાં તલવાર ન હોય તો મ્યાનનું કશું જ મહત્ત્વ રહેતું નથી, એમ સજ્જનની જ્ઞાતિ કે જાતિ પૂછવાને બદલે તેના જ્ઞાનને પ્રાધાન્ય આપવું જોઇએ - કુસુમાંજલી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણી પ્રાર્થનાઓ, ભક્તિ, સ્તુતિ-તપ અપવાસ બધું જ આપણી ભૌતિક ઇચ્છાઓની પૂર્તિ માટે જ હોય છે જેને જીવન-હેતુ સાથે કોઇ સંબંધ હોતો નથી. સાચા સંત-ભક્ત, 'વિશ્વ શાંતિ' પરાઇ પીડ માટે જ પ્રાર્થના કરતા હોય છે.

સર્રિસકીત આવા જ એક ભક્ત સંત હતા. સદાય પ્રાર્થના કરી ઇશ્વર પાસે ક્ષમા યાચના કરતા અને કહેતા 'હે ખૂદા મને માફ કર!'

આજના આતંકી દેશો અને ઝનૂની કટ્ટરવાદી લોકો જે માનવીઓને પશુની જેમ વધ કરે છે એણે પોતાનાં જ ધર્મગ્રંથોનાં થોડા પાનાં ફંફોસવાં જોઇએ.

શિષ્ય એ સંત ને પુછ્યું, બાબા હું ત્રીસ વર્ષથી આપની બંદગી સાંભળું છું, અંતે તમે ખૂદાની માફી માગો છો, આપે એવું શું કૃત્ય ક્યું છે જેની દરરોજ માફી માંગો છો?

ફકીર બાબાએ કહ્યું, 'પહેલાં હું વેપારી હતો અને બજારમાં મારી દૂકાન હતી, હું ન્યાયથી વેપાર કરતો. સાત દુકાનની હારમાં મારી દુકાન વચ્ચોવચ્ચ હતી. એકવાર આગ લાગી મારી બંને બાજુની ત્રણ-ત્રણ દૂકાન તદ્દન ખાખ થઇ ગઇ પણ મારી દૂકાનને ઉની આંચ ન આવી. સૌને ખૂબ આશ્ચર્ય થયું. મેં ખૂદાનો આભાર માન્યો... પણ રાત્રે બંદગી કરતાં મારા પડોશીઓના નૂકશાનનો અંદાજ આવતાં મને ખુબ જ દુઃખ થયું જ્યારે દુકાનો સળગતી હતી ત્યારે જે આનંદથી હું ખૂદાનો આભાર માનતો હતો એ સ્વાર્થી સ્વભાવ માટે હું ખૂદાની રોજ માફી માગું છું. પછી તો મેં વેપાર છોડી દીધો. પણ એ ક્ષણ આજે પણ હું ભૂલી નથી શકતો.'

Email - sureshchandrabhatt18@gmail.com

શિક્ષણ જો મુક્તિને બદલે બંધન આપતું હોય તો એના સ્વરૂપને બદલવું જ રહ્યું, સમાજના ઘણા શુભચિંતકો કામે લાગ્યા છે, સમુદ્રમંથન ચાલુ છે, હળાહળ વિષ પછી અમૃત જરૂર પ્રગટશે એવી આશા છે

શિક્ષણધર્મ

- હર્ષદ પ્ર. શાહ

આજે બેસતો મહિનો. શ્રાવણ જેવા ધર્મ-પર્વોની શૃંખલા લઇને આવતા મહિનાનું ભારતીય પ્રજા ધર્મભાવની પ્રબળતાથી સ્વાગત કરતી હોય છે. આ મહિનામાં સમાજજીવનમાં શ્રધ્ધા - આસ્થાનો ભાવ પ્રભાવી રહેતો હોય છે.

આજે મને શિક્ષણ અને ધર્મને જોડવાનો વિચાર આવ્યો છે. કેટલાકને આવું જોડકું ન પણ ગમે! પણ, જો કેટલીક સંજ્ઞાઓને વિશેષ દૃષ્ટિકોણથી મૂલવવામાં આવે તો સંભવ છે કે એની મહત્તા પણ સમજાય અને એનો સ્વીકાર પણ થાય.

'શિક્ષણ અને ધર્મ' એવું કહેવાને બદલે 'શિક્ષણધર્મ' કહી એના સમાસનો પ્રકાર સંદત્તર બદલી નાખીએ તો કેવું? હવે 'શિક્ષણધર્મ' શબ્દ સાંભળતાં કેવા ભાવ ઉદ્‌ભવે છે? કદાચ વિચારવાની દિશા જ બદલાઇ જશે!

પરંતુ 'શિક્ષણધર્મ' ત્યારે જ સમજાય જયારે 'ધર્મ' સમજાય. ધર્મ એટલે કર્મકાંડ નહીં, ધર્મ એટલે કર્તવ્ય. ધર્મ એટલે કેવળ ઇશ્વરભક્તિ જ નહીં, ઇષ્ટભક્તિ પણ. ઇષ્ટની આરાધના કઠિન છે, ઇષ્ટની આરાધના કઠિન છે, અનિષ્ઠનું વળગણ સહજ છે. ઇષ્ટ, અનિષ્ઠ, નીતિ, અનીતિ, ન્યાય-અન્યાય વગેરે બધાંના મૂળમાં તો છેવટે ધર્મ સમાયેલો છે.

જેને ધારણ કરી શકાય તે ધર્મ.

જેનાથી જીવનનો મર્મ સમજી શકાય તે ધર્મ.

જેથી મદદથી સત્કર્મ આચરી શકાય તે ધર્મ.

જે સાધ્ય - સાધન વિવેક સમજાવે છે તે ધર્મ.

આમ, ધર્મ એક એવું પરિબળ છે જે જીવન રૂપી મહાસાગરમાં દીવાદાંડી જેવું કામ કરે છે.

ધર્મ જીવન જીવવાની દિશા ચીંધે છે.

ધર્મ જીવનની શૈલીને સમુન્નત બનાવે છે.

પણ, પ્રચલિત અર્થમાં આપણે ત્યાં ધર્મ એટલે ઉપાસના પદ્ધતિ - એવું સમજવામાં આવે છે. સર્વસામાન્ય માનવ-સમુદાય ધર્મની ઉચ્ચ પરિભાષાઓ સમજે એવું ન પણ બને, એવી અપેક્ષા પણ ન રાખી શકાય.

અને તેથી વિદ્યાર્થીને યોગ્ય ઉંમરે, એટલે કે ૧૦-૧૨ વર્ષની ઉંમરે ધર્મની પ્રચલિત પરિભાષાનો ખ્યાલ આપીને 'ધર્મ' એ મત-પંથ-સંપ્રદાયથી શી રીતે ભિન્ન છે એની સમજ આપવી જોઇએ.

સ ધારયતિ ઇતિ ધર્મ : । અને

યતો અભ્યુદય - નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ ।

જેવું ધર્મ વિષયક ઊંડાણ પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાં નથી. તેથી એમના શબ્દકોશ પ્રમાણે 'ધર્મ એટલે **Religion**' એ સાચા અર્થમાં ધર્મને પ્રમાણિક કે વ્યાખ્યાયિત કરી શકશે નહીં, હા, **Religion** એટલે 'ઇશ્વરભક્તિ', 'ઇશ્વરમાં આસ્થા' જેવા અર્થો શબ્દકોશમાં છે, પરંતુ તેમ છતાં ધર્મને કર્તવ્યના રૂપે સ્વીકારવાનું એ સમજાવી શક્તા નથી. મહદંશે **Religion** એટલે મત-પંથ-સંપ્રદાય-ઉપાસના પદ્ધતિ એવું સમજવામાં આવે છે... પણ, એ બધું 'ધર્મ' નથી. વળી ધર્મ અને સંપ્રદાય એ બંને પણ જુદી અર્થછાયા ધરાવે છે.

ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેગ સમજવો જ રહ્યો. જે શબ્દનો માનવે સર્વાધિક દુરપયોગ કર્યો છે તે શબ્દ છે 'ધર્મ.' એના એણે ભાવે તેવા અર્થ કર્યા. ક્યાંક એનો ઉપયોગ એણે સ્વાર્થ માટે કર્યો તો ક્યાંક પરમાર્થ માટે. ક્યાંક એણે ધર્મના નામે શ્રદ્ધા જગાડી તો ક્યાંક અંધશ્રદ્ધા.

વાસ્તવમાં ધર્મ ઇશ્વરને ઓળખવાનું પ્રથમ ચરણ છે. શ્રેષ્ઠ આચરણનું નામ ધર્મ છે, એ કોઇ ક્રિયા-વિધિનું નામ નથી. માળા કરવી, ધૂપ-દીપ કરવા, મંદિરોના ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત મૂર્તિની આરતી ઉતારવી એવી બધી પ્રક્રિયાઓ અને ક્રિયાવિધિનું નામ 'સંપ્રદાય' હોઇ શકે... પણ એ તો ધર્મશિખર પર જવાની સીડી હોઇ શકે. સંપ્રદાય ધર્મશિખર ન હોઇ શકે. સંપ્રદાય સાધન છે, ધર્મ સાધ્ય. આમ એ બંને સંજ્ઞાઓને સારી પેઠે સમજવી જોઇએ.

ધર્મ એ સત્યનો પર્યાય છે. તેને અસત્ય સાથે કોઇ સંબંધ નથી. તેને સંકીર્ણતા, અસહિષ્ણુતા કે પક્ષપાત સાથે પણ ન જોડી શકાય. તેને કોઇ આદેશના સ્વરૂપે પણ પ્રસ્તુત ન કરી શકાય, ધર્મ તો સતત છે, સર્વકાલિક છે, સાર્વદેશિક છે. અને પ્રત્યેક માટે ઉપલબ્ધ છે. જે રીતે સૂર્યપ્રકાશ દરેક માટે છે તેમ ધર્મ દરેકને માટે છે.

પશ્ચિમે ધર્મનાં સંદર્ભમાં જે ચિંતન કર્યું તે ચિંતન ભયની ઉપજ હતી. એમાંથી જ રિલિજિયન અને મજહબ જેવા શબ્દો જનમ્યા. એ સંપ્રદાયપ્રધાન ચિંતન છે. એ ચિંતનના નિષ્કર્ષ રૂપે જે અવધારણા બની એ કોઇને કોઇ વ્યક્તિવિશેષ કે ગ્રંથવિશેષ સાથે જોડાઇ.

પશ્ચિમ ધર્મને 'બહિર્મુખી ચેતના'ના સ્વરૂપે જુએ છે જયારે ભારત ધર્મને 'અંતર્મુખી ચેતના'ના સ્વરૂપે. પશ્ચિમ ધર્મને સમજવા માટે તર્ક અને વિજ્ઞાનનો આશ્રય લે છે. જયારે ભારત ધર્મને સમડવા માટે શ્રદ્ધા અને જ્ઞાનનો આશ્રય લે છે.

ધર્મ પોતાની સૂક્ષ્મતા છોડી ક્યારેય સામૂહિક સ્વરૂપ ધારણ કરી શકતો નથી. ધર્મ વ્યક્તિગત રીતે જ ધારણ કરી શકાય. સામૂહિકતામાં પ્રવેશ કરતાંની સાથે જ ધર્મ પોતાનો મૌલિક સ્વભાવ ગુમાવી દે છે અને માત્ર કર્મકાંડ બનીને રહી જાય છે. સામૂહિકતામાં પ્રવેશ કરતાં જ ધર્મ અનુષ્ઠાન, રીતરિવાજ, રૂઢિઓ અને વિશેષ પ્રકારની આસ્થા સાથે જોડાઇ જાય છે. અને તે સાથે તેનું સ્વરૂપ બદલાઇ જાય છે. આ સ્થિતિમાં ધર્મ પોતાનું વાસ્તવિક સૌંદર્ય અને પોતાનો વાસ્તવિક અર્થ બંને ગુમાવી બેસે છે. આવો 'રૂપાંતરિત ધર્મ' સમાજને નાના - નાના ટુકડામાં વહેંચે છે અને સાંપ્રદાયિક રૂપ ધારણ કરે છે. આ બધું આધ્યાત્મિક ચેતનાના જાગરણમાં સહાયક ન બનતાં વ્યક્તિને સંકીર્ણ અને અનુદાન બનાવવાનું વિપરીત કાર્ય કરે છે.

ભારતનો માનવ જો ધર્મ અને સંપ્રદાય બરાબર ઓળખી લે તો સંભવ છે કે ધર્મની ધાર્મિકતા પ્રબળ બને અને સંપ્રદાયની સાંપ્રદાયિકતા ધર્મને પામવાનું સબળ સાધન બને. બંને એકબીજાના પૂરક બની રહે એના જેવું ઉત્તમ કંઇ નહીં. એમાં જ ભારતને વિવિધતામાં એકતાનો સાક્ષાત્કાર થઇ શકે. સંપ્રદાયને નબળાઇ બનવા દેવાને બદલે એ ધર્મપ્રાપ્તિનું સબળ સાધન બની રહે એ જ શ્રેયસ્કર છે. પણ એવું ત્યારે જ બને કે ધર્મ અને સંપ્રદાય બંને વિભાવનાઓ નાનપણથી જ આપણાં વિદ્યાર્થીઓનાં મનમાં સ્પષ્ટ થાય. અને, સંપ્રદાયની સાચી સમજણમાંથી સાંપ્રદાયિકતાના સ્થાને સાચી બિનસાંપ્રદાયિકતા પ્રગટે. સહિષ્ણુતા અને સહજીવનનો આધાર સમજ બની શકે.

ધર્મની વાર્તા આપણે આટલી બધી કરી તેમાંથી હવે એ સમજવું જરાય અઘરું ન હોઇ શકે કે ધર્મનાં કર્તવ્યરૂપ વિભિન્ન સ્વરૂપો આવાં પણ કોઇ હોઇ શકે - મિત્રધર્મ, પાડોશી ધર્મ, પત્ની ધર્મ, પતિધર્મ, સમાજધર્મ, શિક્ષકધર્મ, રાષ્ટ્રધર્મ વગેરે. આ બધા પ્રકારના ધર્મોનું પાલન મનુષ્યને શ્રેષ્ઠત્વ તરફ દોરી જાય છે, પૂર્વશરત એટલી જ કે એનો આધાર સાત્ત્વિક હોય.

શિક્ષકધર્મનું મહત્ત્વ સવિશેષ છે કારણ કે એની અસરો ઘણી વ્યાપક છે. શિક્ષકનું પાયાનું કર્તવ્ય છે મનુષ્યનિર્માણ. એ પ્રક્રિયામાં ક્ષતિ ઉત્પન્ન થાય તો સમગ્ર સમાજને, રાષ્ટ્રને અને સૃષ્ટિને હાનિ પહોંચે છે. શિક્ષક જ્ઞાનનો વાહક છે, માનવચેતનાને ઉર્ધ્વગામી બનાવનાર ચાલકબળ છે. વળી એ સમાજની શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ પણ છે. તેથી એની ગરિમા જળવાય એ બહુ મહત્વનું છે. શિક્ષકત્વ એ વ્યવસાય નહીં વ્રત છે, ઉચ્ચ પ્રકારની સાધના છે.

શિક્ષણ સમાજ પરિવર્તનનું પ્રભાવી સાધન છે, પણ ક્યારે?

- જયારે એ અધિકારની સાથે જવાબદારી નિભાવવાં પણ શિખવાડે,
- જયારે એ સ્વતંત્રતાની સાથે સંયમપૂર્ણ વ્યવહાર આચરતાં પણ શિખવાડે,
- જયારે એ 'સ્વ'ના અસ્તિત્વને ટકાવવા માટે 'સર્વ'માં વિલીન થઇ જતાં શિખવાડે.

પાણી એવો જ રંગ પકડી લે છે કે જેવા રંગની માટી પરથી એ વહેતું હોય છે. વ્યક્તિ એવા જ વિચારો ધરાવતી થઇ જાય છે કે જેવું શિક્ષણ એને મળતું હોય છે.

આચાર્યવિજય રત્નસુંદરસૂરિ કહે છે -

''વિદ્યાનાં મોતી ચરનારો રાજહંસ એનું જ નામ વિદ્યાર્થી''

... અને વિદ્યાનાં આવા સાચાં મોતીનું સર્જન શિક્ષકે કરવાનું છે.

રત્નસૂંદરસુરિ આગળ કહે છે -

''જેનાથી તમને મુક્તિ, તૃપ્તિ અને મસ્તીની ત્રિપુટી હાથવગી રહે એવું નામ વિદ્યા.''

પણ કમનસીબી એ છે કે વર્તમાન શિક્ષણ લઇને જગતના બજારમાં પ્રવેશતા યુવાનોમાં મુક્તિના સ્થઆને સ્વચ્છંદતા, તૃપ્તિના સ્થાને ભયંકર અતૃપ્તિ અને મસ્તીના સ્થાને નિરાશા, હતાશા અને ઉદ્વેગ જોવા મળી રહ્યા છે.

જેમ ધર્મ અને સંપ્રદાયના સાચા સ્વરૂપને ન સમજવાથી સમાજમાં અરાજકતા ઉત્પન્ન થાય છે તેમ શિક્ષણના સાચા સ્વરૂપને ન સમજવાની ભ્રમ, ભૌતિકતા અને ભયના સામ્રાજયમાં સમાજઘટકો લપેટાય છે અને ક્યારેય બહાર નીકળી જ ન શકાય એવા વમળમાં ફસાય છે.

આવું શિક્ષણ જો મુક્તિને બદલે બંધન આપતું હોય તો એના સ્વરૂપને બદલવું જ રહ્યું. સમાજના ઘણા શુભચિંતકો કામે લાગ્યા છે. સમુદ્રમંથન ચાલુ છે.

હળાહળ વિષ પછી અમૃત જરૂર પ્રગટશે એવી આશા છે.

ચાલો -

પુસ્તકની સાથે સાથે પ્રકૃતિને વાંચીએ,
અભ્યાસની સાથે સાથે સ્વાધ્યાય કરીએ,
ગૃહકાર્યની સાથે સાથે સમાજકાર્ય કરીએ
અને... જીવનની પ્રત્યેક ક્ષણને શિક્ષણના માધ્યમથી શિષ્ટ અને ચેતનવંતી બનાવીએ.

તમે યોગી ન થઇ શકો તો કંઇ નહિં, પણ બધાને ઉપયોગી જરૂર થજો

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

- સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

'નૂતન વર્ષાભિનંદન'

વર્ષનો આખરી દિન એટલે દિપાવલીનું પરમ પર્વ અને આ પરમ પર્વ એટલે ઉજાસ, ઓજસ અને ઔદાર્યનો ત્રિવેણી સંગમ! આપણી ભીંતરમાં અભરે ભરેલ અજ્ઞાનરૂપી મહા અંધકારને ખોબલે ખોબલે ઉલેચીને જ્ઞાનરૂપી ઉજાસ પાથરી, થનગનાટનો ઓજસ ભરીને જીવનને ઉન્નત અને ઉજળા કરવાનું અને મહાપરમ પર્વ! એક તદ્દન નવી સોનેરી સવાર, મહેંકતું નવલું પ્રભાત અને નવતર પ્રકાશના કિરણોના પુંજ તરફ ગતિમાન કરાવતું અભિનવ પર્વ. 'ગમે તેવી' ગઇ ગુજરી - ગઇકાલને ભૂલીને નવી 'આવતીકાલ' માટે 'આજ'ને ઉજ્જવળ બનાવવાનું આહ્વાન.

સર્વે આબાલ-વૃદ્ધ નરનારીએ અમાસના ઘોર અંધકારમાંથી પૂનમના પૂર્ણ ધવલ પ્રકાશ તરફ પ્રયાસ કરવાની ઉમદા ગતિવિધિ અપનાવીને, દિપાવલીના પુનિત પર્વને હર્ષોલ્લાલથી આવકારી, પોતાની શક્તિ અનુસાર મઘમઘતી મીઠાઇઓ અને અવનવા સાજ/શણગારની મજા માણીને ગતસમય કરતાં આવનાર સમય વધારે સુખમય-ઊજળો નીવડે, સંસારનાં અતિ કપરાં ચઢાણ હેમખેમ પાર ઉતરે અને આ અસાર સંસાર સારમય - અમૃતમય બને અને જીવ્યું જીવતર લેખે લાગે અને તે એળે ન જાય તે માટે અવનવા સંકલ્પો વિકલ્પો સહ જીવનની સાર્થકતાની કેડી પર પદાર્પણ કરવાના આંતરમનસુબા સેવી, આગામી વર્ષભરનાં સોનેરી સમણાં સજાવીને, તેણે નવલાં વર્ષની નવપલ્લવિત કરી, મૂર્તિમંત કરવાના ઉછળતા કોડ હૈયે ભરીને, તે તરફની અડગ કૂચના શ્રીગણેશ પણ માંડ્યા હશે. બે પેઢી વચ્ચેના માનસિક અંતરને ઘટાડવાના ઉપાયો, કોઇ પણ સંજોગોમાં નકારાત્મતક (Nagative) વલણને બદલે હકારાત્મક (Positive) વલણ માટેના માનસની તૈયારી, અસલામતીની ગ્રંથિમાંથી છૂટકારો, સ્વયંશિસ્ત અપનાવી જીવનમાં અનુસાસન પાળવું, અન્યની અનુકૂળતા અને સગવડ સાચવવા અને પરોપકાર માટે પ્રતિબદ્ધતા અને કટિબદ્ધતા કેળવવી... આ બધી બાબતોનો આગોતરો વિચાર અને અમલવારીની તત્પરતા એ જ ખરેખર આંતરમનસુબા અને સોનેરી સપનાં છે.

દીપાવલીની અમર જયોતના ઝળહળતા અજવાળે આગેકદમ કરીને, આવકારેલ નૂતન વર્ષના મંગલમય પ્રભાતથી શરૂ થયેલ નવલું વર્ષ, સર્વેના જીવનપથમાં ઝળહળતાં તેજકિરણો પાથરે અને સહુ ઉન્નતિનાં અવનવાં, ઉચ્ચ સોનેરી શિખરો સર કરે, સર્વેના હૃદય કમળમાં દયા, પ્રેમ, પરોપકાર, માનવતા અને "વસુધૈવ કુટુમ્બકમ્" ની ઉચ્ચ અને ઉદ્દાત, ભાવના ફેરી ઊઠે અને સર્વેના જીવનમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો 'દધિ' હિલોળા લે અને સર્વેનું જીવન સેવામય સુખમય, સમૃદ્ધિમય, શાંતિમય અને સુખાકારી ભર્યું આરોગ્યપ્રદ નિવડે તેવી દધિસભર શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન!

'કાવ્ય સેતુ' - અણમોલ મોતી

છીપમાં મહોર્યું અણમોલ મોતી,
સહિયર મોરી થાક્યો હું ગોતી
ભવોભવથી રાહ જ જોતો,
છતાં ન મળ્યો એનો જોટો...
લાગણીઓની સરિતા જેવી,
એની મારે વાત કેમ કેવી...
હાસ્ય એનું કરે છે ઘાયલ,
પગમાં બાજે છમછમ પાયલ...
સફેદ પરી લાગે સુંદર સરિતા,
એ તો મારી પ્યારી છે કવિતા....
કેશમાં નથી ફરતી કાંસકી,
ગોગલ્સમાં લાગે એ સોનાક્ષી....
ભંવરે ને કરી ફૂલની લૂંટ,
પણ એ લાગે છે ક્યૂટ...
વિચારોના વમળમાં રાચતી,
( ) ના જવાબ ન આપતી...
તક મળે એ સ્માઇલ આપે,
પછી તૂર્ત જ રસ્તો કાપે...
પ્રશ્ન જવાબ કાંઇ ન જોઇએ...
બસ મારે તો પ્રેમ જ જોઇએ...
તમે ભલે સંવેદના જ ઘર
મને લાગેછે બહુ જ ડર...

- ગુલાબચંદ પટેલ

સમય ઝંઝા

સમયની હરપળ વૃથા વહી જશે
આદિ જો નહિ થાય તો અંત રહી જશે!
ક્યાંક શ્વેતચંદ્રને ગ્રહણ ગ્રહી જશે.
કાળ વહી જશે ને કહેણી રહી જશે!
કર્ણપટે, કોણ આવી વાત કહી જશે?
પળમાં જે પામવાનું, યુગો વહી જશે!
સરવાળો માંડતાં, બાદબાદી થૈ જશે.
કાનમાં ગણગણી, પળો તો વહી જશે!
કાનન્હોરનાં નિશાન ડિલે રહી જશે,
સમયનો સાગર રેડ્યે, ડાઘ નહીં જશે!
હરપળ, હરઘડી સરકતી જશે.
ભીડવચાળે એકતા ભીંસતી જશે.
સમયઝંઝાએ 'દધિ' ખળભળી જશે,
સમય સાચવ્યે, સુરભિ પ્રસરી જશે!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

રત્નકણિકા

- તમે યોગી ન થઇ શકો તો કંઇ નહિ, પણ બધાને ઉપયોગી જરૂર થજો.
- આજે પાડેલાં પરસેવાનાં બિંદુઓ આવતીકાલ માટેનાં મૂલ્યવાન મોતી છે.
- દુઃખી કરે તે પૈસો, સુખી કરે તે ધન.
- વાણી અને પાણીનો દુરૂપયોગ માનવીને અંતકાળમાં દુઃખી કરે છે.
- જયાં સ્વચ્છતા છે ત્યાં પ્રભુતા હરદમ છવાયેલી રહે છે.

સવાયા મામા શ્રી કાલિદાસ પંચાલ : શબ્દચિત્ર

આપણી વિરાસત

- ભીખુભાઇ કવિ

કડિયાદરાના મારા સવાયા મામા પ.પૂ. શ્રી કાલિદાસભાઇ પંચાલ સાથેનો નાતો મારા જનમથી સધાયો છે. એની માંડીને વાત કરીશ તો અસ્થાને નહિ લાગે...!

મારા માતુશ્રી રહેમતબહેને મારા ભાઇ મહેબૂબને જન્મ આપ્યો ને દુનિયામાં એ આંખો ખોલે ન ખોલે ત્યાં તે અવસાન પામ્યો ત્યારે મારા માતુશ્રીએ ભીંત સાથે માથા કૂટેલાં ને અત્યંત ઘેરા શોકમાં ભાન જ્ઞાન ગુમાવી બેઠેલા ત્યારથી કાને બહેરાશ પણ આવી ગઇ અને સમય જતાં પુત્ર લાલસા અર્થે અનેક બાધા, આખડી રાખીને ત્યારે થોડાક વર્ષો બાદ મારો જન્મ થયો. એ સમયે મારી માતાએ મને 'ભિખારી'ની જેમ 'ભીખો' નામ પાડ્યું કારણ મારી માતાને પુત્રો થતાં તે મૃત્યુ પામતા. કાલિદાસભાઇના ઘર પહેલાં મારા નાના અમથાભાઇ મીરને નાની અમુબેનનું ઘર આવે... એમના ઘર સાથેનો અમારો ઘરોબો.... તેથી મારો જન્મ થતાં જ મને કાલિદાસમાં પંચાલના ઘરેથી તાંદળાં (એક પ્રકારનું અનાજ) લઇને તેની બદલીમાં મને મારા માતુશ્રીએ આપેલો, ને કાલિદાસમામાના માતુશ્રી... મને એમના ઘરે ઘોડિયું બાંધી ત્યાં જ થોડો સમય રાખેલો, અમારા ઘરનાં કપડાં પણ પહેરાવવાના નહિ ને ઉછેર કાલિદાસમામાના ઘરે થયો, ત્યારથી તે આજ સુધી કાલિદાસમામા તેમનાં મોટાભાઇ ભીખાભાઇ પંચાલ અને પરિવારે મને તેમના ભાણીયાઓ જ જેટલો દરજ્જો આપી સાચવ્યો ને તેથી તેમના ઘર સાથેનો ઘરોબો મારો મજબૂત બનતો ગયો. એ કેમ ભૂલાય?

સમજણની આંખ ખુલ્લી ત્યારથી કાલિદાસમામાનાં સંસ્કારોને જીલતો આવ્યો છું. મારી એક એક લાગણીઓ અને માગણીઓને હસતાં મોઢે પૂરી કરી છે આજ સુધી..!

એનું ઋણ તો ચૂકવાય તેમ નથી પણ હું શબ્દનો માણસ તેથી કાલિદાસમામાનું શબ્દચિત્ર દોરીને મારી ભીતરમાં પડેલા અનેક સંસ્મરણોને વાગોળીને એને શબ્દમાં ઉતારી ઋણમુક્ત થવાનો નમ્ર પ્રયાસ કરું છું.

કાલિદાસમામાને ત્યાં બચપણ વિતાવ્યું. તેમના સુપુત્ર ચિ. ભાઇ રાજુ ઉર્ફે રાજેન્દ્ર પંચાલ (હાલ અમેરિકા) અમે લંગોટિયા દોસ્ત...! મામાની એક નાની કાચી માટીની ઇંટોની નળિયાવાળી ઓરડી. એમા મામા લખે, વાંચે તો તેને અડીને કારખાના જેવી રૂમ... જયાં પતરાં... લોખંડને વાળવા તથા હોલ (કાણું) પાડવાનું મશીન. એક દિવસ મારા હાથમાં મગફળીના દાણા હતા ને મને થયું. લાવ મગફળીના દાણામાંથી તેલ કાઢીએ. રાજુને મેં કહ્યું, 'હું આ મશીનમાં એક એક મગફળીનો દાણો મૂકું છું. તું મશીનનું હેન્ડલ ફેરવ. અને મેં બચપણની એ નાદાની અણસમજમાં દાણા મૂકતો રહ્યો ને ચિ. રાજુભાઇએ મશીન ફેરવ્યું ત્યાં મગફળીના દાણા ભેગી મારી આગળી પણ ચગદાઇ ગઇ ને લોહીથી લથબથ આંગળીને લાલ... લાલ લોહીની ધાર વછૂટી ને હું રડુ.... ખૂબ રડુ ને મારી સાથે ભાઇ રાજુ પણ રડે...! આ શું થઇ ગયું...!!'

ડૉ. દિનેશભાઇ પરીખને દવાખાને જઇ પાટાપીંડી કરી ને ત્યારે હાશકારો થયો... હા... આ બચપણની બાલક્રિડાની નિશાની મારા ડાબા હાથની પ્રથમ આંગળીએ આજે પણ સચવાઇ છે ને જયારે જયારે મારી નજર એ આંગળી પર પડે છે ત્યારે ત્યારે મારા બચપણની મસ્તીનું નોંખુ દૃશ્ય આજે પણ નજર સામે તરવરવા લાગે છે ને બચપણની યાદ તાજી કરાવે છે..

કાલિદાસ મામાને મુંબઇ જવાનું હોય ત્યારે એક અઠવાડિયાથી તૈયારી થતી હોય... ને એક લોખંડના પતરાની પેટી લઇને નીકળે. કાલિદાસમામા કડિયાદરા કેળવણી મંડળના માનદ્ મંત્રી હોવાને નાતે શાળાના વિકાસ અર્થે મુંબઇ ભણી શેઠિયાઓ જોડે દાન એકત્ર કરવા પોતાનું ઘર, પરિવાર પત્ની, પુત્રી, પુત્ર ને મૂકીને ચાલી નીકળતા ત્યારે હું છેક કડિયાદરાના રેલ્વે સ્ટેશન સુધી રેલ્વેમાં મૂકવા જતો એનું સ્મરણ છે.

કાલિદાસમામા અને એમના મોટાભાઇ ભીખામામાને પાલીમાસી મેંના મામીની મને હંમેશા ઓથ મળીછે. 'વડિયાવીર'માં બાધા હોય કે લગ્નનો શુભપ્રસંગ હોય ત્યાં આ બંદા અચૂક હોય..! મને યાદ છે કાલિદાસમામાનું ખેતર નદીની પેલે પાર... જયારે ઘઉંનો પોંખ ખાવા હાઇસ્કૂલના શિક્ષકોને નિમંત્રે ત્યારે પણ મને ન ભૂલે....! મકાઇના ડોડા શેકીને ખવડાવવા તો ક્યારે મગફળીનો ઓળો ખવડાવવા શિક્ષકોને ચોક્કસ બોલાવે... અરે... સત્ય નારાયણની કથા કાલિદાસમામાને ત્યાં હોય ત્યારે તો ગામના અગ્રગણ્ય, શિક્ષકો આડોશીપાડોશી તો હોય... ને અમારા પરિવાર જનો તો હોય જ! મને અને મારા નાના ભાઇ કનુના માથે એમના ચાર હાથ રહ્યા છે તો પાલીમાસી (પાર્વતી) મારી માતુશ્રીની જીગરી બહેનપણી તેથી આજે પણ એમનું હેત ટપકે છે તે મેંના મામી સદાય અમારા પર પ્રેમની ધારા વહાવે.

લ્યો... એમના સંસ્મરણો વાગોળવામાં એમના વ્યક્તિત્વ વિશે તો ભૂલી ગયો... કાલિદાસમામા પંચાલ શ્વેત ખાદીધારી ઝભ્ભો, લેંગામાં ને શ્વેત ખાદીની ટોપીમાં સજ્જ... સ્વતંત્ર્ય વીર જેવા લાગે હાં...! સનિષ્ઠ, કર્મનિષ્ઠ, સ્વમાની, સહિષ્ણુને ધીર ગંભીર ને સદાય હસતો ચહેરો...! એમની કડિયાદરા જન્મભૂમિ પ્રત્યેની, ગામ પ્રત્યેની આસ્થા અપાર... કેળવણી માટે કંઇક કરી છૂટવાની લાલસાએ એમને ઊંઘવા દિધા નથી. ને આજે આ કડિયાદરા કેળવણી મંડળની વિકાસગાથાના એક પ્રહ